# વરસાદી માહોલમાં ચા-ભજીયા હોટ ફેવરીટ

**વરસાદી માહોલમાં શહેરની જાણીતી મીનાબજાર સ્થિત મયુર ભજીયાની દુકાનમાં ગરમાગરમ ભજીયાનો સ્વાદ માણવા સ્વાદરસિકોની લાંબી લાઈનો લાગી**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ ચૂકી છે. ચારે તરફ લીલોતરી છવાઈ ગઈ છે. શહેરીજનો પણ આ વરસાદી મોસમની મજા લઈ રહ્યા છે. ગઈકાલે બપોર બાદ વરસાદી માહોલ જામ્યો હતો ત્યારે શહેરમાં ગરમાગરમ ભજીયા અને ચાની કીટલીઓ પર સ્વાદરસિકોની જમાવટ જામી હતી.

પાટનગરમાં મીનાબજાર સ્થિત મયુર ભજીયાથી દુકાનમાં ઓફિસ સ્ટાફની લાંબી કતાર લાગી હતી. તો સાથે સાથે ચાની કીટલીઓ પણ ઉભરાઈ હતી.

શહેરમાં વર્ષોથી મીનાબજારના મયુરના ભજીયા પ્રખ્યાત છે. ચોમાસા ઉપરાંત પણ અહીંયા સ્વાદ રસિકોની અવર-જવર રહેતી જ હોય છે. બીજી તરફ દાળવડાં, બટાકાવડા, ડુંગળીના ભજીયા સાથે મરચાંનો સ્વાદ માણવા શહેરની જાણીતી ફરસાણની દુકાનોમાં ભીડ ઉમટેલી જોવા મળી હતી. ગણતરીના કલાકોમાં જ ગરમાગરમ દાળવડા ખુટી પડતા ગ્રાહકોને પાછા જવાનો વારો પણ આવ્યો હતો. ફરસાણની દુકાનોમાં ભજીયાની લિજ્જત માણવા માટે આ ચોમાસા દરમિયાન ગ્રાહકોનો ધસારો વધારે રહે છે જેમાં અન્ય







ખાણી-પીણી સામે કોઈ જોતુ જ નથી. ચોમાસા દરમિયાન ભજીયા અને ચા ઓન ડિમાન્ડ રહે છે. જેમાં મયુર ભજીયાની દુકાનમાં લાઈવ ગરમા ગરમ ભજીયા મળતા સ્વાદરસિકોમાં આનંદો છવાઈ જાય છે.

જો કે ચોમાસુ અને ભજીયા આ બન્ને એકબીજાના પર્યાય છે. બંને એકબીજા વગર અધૂરા છે. ગૃહિણીઓ પણ આ વરસાદી મોસમમાં ઘરે ગરમા ગરમ ભજીયા સહિતની વાનગીઓ બનાવવાનું પસંદ કરે છે. ચોમાસામાં બટાકા-ડુંગળીના ગરમાગરમ ભજીયા સાથે લીલા મરચા જાણે જીવનમાં નવા પ્રાણ પુરે છે. વરસાદમાં આદુ અને ઈલાયચીવાળી ચા પીવાની મજા પણ કંઈક અલગ હોય છે. તેથી શહેરમાં ચાની કીટલીઓ પર આ દિવસોમાં ચાની ચૂસ્કીઓ વધી જાય છે. સરકારી કચેરીઓમાં પણ ચા વાળાઓની અવરજવર વધી જાય છે. બે વખત ચા આપવા આવતા હોય તો ચાર-પાંચ વખતનો આટો થઈ જાય છે.

મેથીની ભાજી અને ચણાના લોટમાંથી બનતા મેથીના ગોટા સાથે ચા મળી જાય તો ટેસકો પડી જ જાય. ઓફિસના સ્ટ્રેસને ભુલાવી દે એવું આ કોમ્બિનેશન છે. ચાની કિટલી ચોમાસામાં હેન્ગ આઉટ માટેનું ફેવરિટ સ્થળ બની જાય છે. આ વરસાદી માહોલમાં કિટલીઓ પર ચાના કપ સાથે લાંબી વાતો કરતા શહેરીજનો જોવા મળે છે. આ આહલાદક વાતાવરણમાં કલાકો સુધી વાતો અને ગરમ ચા મનપસંદ એક્ટિવીટી બની જાય છે.

## ગૌરી વ્રત નિમિત્તે આપ પાર્ટીનું સરકારી શાળાઓમાં કેળા વિતરણ



ગાંધીનગર, તા. ૦૧

કુંવારીકા બાળાઓનું ગૌરી વ્રત ચાલી રહયું છે અને આ નિમિત્તે આમ આદમી પાર્ટીની ગાંધીનગર ટીમ દ્વારા શહેરની કેટલીક સરકારી શાળાઓમાં જેમાં વાવોલની પ્રાથમિક શાળા, સેક્ટર-૧૩ની સરકારી શાળા, સેક્ટર-૧૫ની સરકારી શાળા અને આંગણવાડીનો સમાવેશ થાય છે તેમાં કેળા વિતરણનો કાર્યક્રમમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્ય હિતેશભાઈ ભોજક, હરિભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ અને તુષારભાઈ પરીખના સહકાર થી યોજવામાં આવ્યો હતો.

## કુડાસણમાં કચરાની ગાડીની અનિયમિતતાને કારણે ફેલાઈ રહેલી અસ્વચ્છતા...!!!

**સફાઈ કર્મીઓ દ્વારા કચરો તો વાળવામાં આવે છે પરંતુ કચરાને લઇ જવા માટેની ગાડી નિયમિત નથી આવતી**







ગાંધીનગર, તા.૧

એક તરફ ગાંધીનગર શહેરને આ વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશભરમાં પ્રથમ સ્થાન મળે તે માટે વહીવટી તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવે છે અને બીજી તરફ શહેરમાં અનેક સ્થળે જાહેર સાફસફાઈમાં લાલિયાવાડી ચાલતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે.

શહેરના નવા વિકસિત વિસ્તારમાં પણ આ બાબતે વારંવાર અનેક રાવ ઉઠતી જોવા મળે છે. ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ઉગતી કોમ્પ્લેક્સથી સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ આગળના સર્વિસ રોડ પરના વિસ્તારમાં સફાઈ કર્મીઓ દ્વારા કચરો તો વાળવામાં આવે છે પરંતુ આ કચરાને લઈ જવા માટેની ગાડી આવ્યી નથી જેના કારણે તેમની મહેનત પર તો પાણી ફરી વળે છે પરંતુ તે સાથે ગંદકીના ઢગ જમા થવા સાથે કેટલોક કચરો ફરી આસપાસમાં ફેલાઈ જાય છે.

ગાંધીનગરને સ્વચ્છ શહેર તરીકે દેશભરમાં નામના મળે તે માટે વહીવટી તંત્ર દ્વારા અનેક પ્રકારના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે જેમાં નાગરિકોને જાગૃત કરવા માટેના પ્રયાસો પણ સામેલ છે. જોકે નાગરિકોમાં તો સ્વચ્છતા બાબતે ઘણી જાગૃતિ આવી રહી છે પરંતુ સફાઈ વિભાગમાં જ લાલિયાવાડીના કારણે હજુ જોઈએ તેટલી સફળતા મળતી નથી તેવું અનેકવાર અનુભવાય છે. ન્યુ ગાંધીનગર તરીકે જાણીતા કુડાસણ વિસ્તારમાં સર્વિસ રોડ પર સારો વિકાસ થયો છે પરંતુ આ વિસ્તારમાં જાહેર સાફસફાઈમાં બેદરકારી હજુ પણ જોવા મળી રહી છે. કુડાસણમાં ઉગતી કોમ્પ્લેકસથી સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ આગળના સર્વિસ રોડ પરના વિસ્તારમાં જાહેર સર્વિસ માર્ગ પર સફાઈ કર્મચારીઓ દ્વારા કચરો વાળીને વિવિધ જગ્યાને રૂટિન મુજબ તેના ઢગલા કરી દેવાય છે જેને પછી કચરો એકઠો કરવા આવતી ગાડીમાં લઈ જવાય છે. છેલ્લાં આશરે પંદરેક દિવસથી કચરો એકઠાક કરવાવાળી ગાડી આવતી નથી તેવું સ્થાનિક નાગરિકોનું કહેવું છે જેના કારણે આ વિસ્તારમાં સફાઈ કર્મચારીઓએ કચરો વાળીને કરેલા ઢગલા જેમના તેમ પડ્યા રહે છે જે દિવસ દરમ્યાન આસપાસમાં વધુ પ્રસરે છે. વાળી હવે તો વરસાદની ઋતુ શરુ થઈ ગઈ છે જેથી આ કચરો વધુ ગંદકી ફેલાવે છે. આ કારણે સમગ્ર વિસ્તારમાં સ્વચ્છતાના નામ પર પાણી ફરી વળે છે.

## આઈઆઈટી-દક્ષિણા લીડરશિપ પ્રોગ્રામના દ્વિતીય સંસ્કરણનું સમાપન

**સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગના અભ્યાસ માટે IITs અને NITs માં સામેલ થવા તત્પર : જવાહર નવોદય શાળાઓ અને અન્ય સરકારી શાળાઓના લગભગ ૭૦ વિદ્યાર્થીઓ જોડાયાં**



ગાંધીનગર, તા. ૧

દેશના વિવિધ રાજયોના ગ્રામીણ અને સામાન્ય વર્ગના જવાહર નવોદય શાળાઓ અને અન્ય સરકારી શાળાઓના લગભગ ૭૦ વિદ્યાર્થીઓને આઈઆઈટી-ગાંધીનગરમાં એક મહિના માટે નિવાસી કાર્યક્રમમાં વિવિધ કૌશલ્યમાં પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા જેઓ આઈઆઈટી અને એન્જિનિયરિંગમાં અભ્યાસ માટે તત્પર હતા. આ કાર્યક્રમને રૂયંતન (રૉન) મહેતા અને મેકર બિલ્ડિંગ ફાઉન્ડેશન દ્વારા સહયોગ આપવામાં આવ્યો છે અને તેઓ ફાઉંડેશન ફોર એક્સીલેન્સ (એફએફઈ), દક્ષિણ ફાઉંડેશન, અને કોમ્પિટિવ મેન્ડસેટ ઈન્સ્ટિટ્યૂટ (સીએમઆઈ)ની ટીમો સાથે ભારત અને વિદેશમાં કેટલાક શ્રેષ્ઠ ટોર્સનો સમાવેશ કરે છે. આ વિદ્યાર્થીઓ તેઓ આત્મવિશ્વાસ અને ઉત્સાહથી ભરપૂર હતા જ્યારે તેઓ "ૈંદ્ધ-દક્ષિણા લીડરશીપ પ્રોગ્રામ"ની દ્વિતીય આવૃત્તિના સમાપન સમારંભ માટે એકત્ર થયા હતા. આઈઆઈટી ગાંધીનગર ખાતે ૨૫-દિવસીય આઈઆઈટી-દક્ષિણા લીડરશિપ નિવાસી કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ પરિવારની નબળી નાણાકીય સ્થિતિની સ્થિતિ હોવા છતાં આઈઆઈટી વાતાવરણમાં શ્રેષ્ઠ તાલીમ અને જ્ઞાન પ્રદાન કરવામાં આવ્યું હતું જેથી તેમણે સક્ષમતા અને લક્ષ્ય સુધી પહોંચમાં મદદ મળી શકે. તેમને કોમ્યુનિકેશન સ્કિલ, અંગ્રેજી ભાષાના કૌશલ્ય અને લીડરશિપની તાલીમ આપવામાં આવી હતી. લીડરપ મૉડ્યુલ તેમના માટે એક વિશિષ્ટ રૂપથી ડિઝાઇન "ફાઇન્ડ એલીડર ઈન યુ" (એફએલવાઈ) પ્રોગ્રામ સાથે તૈયાર કરવામાં આવી હતી, જેમના વિદ્યાર્થીઓને નૈતિકતા, દઢતા, ટીમ વર્ક અને ટાઈમ મેનેજમેંટ બોલોંથી ઓળખાતા કામ કરવા માટે તેમની તાકાત અને નબળાઈઓથી અવગત કરવામમાં આવ્યાં હતા અને ક્રિટિકલ થિંકિંગ મ્યુડિયોમાં વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ પ્રશ્નો પૂછવા અને વિચારણાનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ તમામ સત્રો કંમ્પ્રેસર કોમ્પિટિટિવનેસ માઈન્ડસેટ ઈન્સ્ટીટ્યુટ (સીએમઆઈ) અને આઈઆઈટી ગાંધીનગરના કેટલાક શ્રેષ્ઠ સલાહકારો દ્વારા કરવામાં આવ્યા હતા. તેમના સર્વાંગી વિકાસમાં સહાયતા માટે, કાર્યક્રમને વિદ્યાર્થીઓની કલા, ફોટોગ્રાફી, પોસ્ટકાર્ડ બનાવવી, ઓરિગેમી, રમત, તૈરાકી, રોક ક્લાઈમ્બિંગ, શતરંજ, ટેબલ ટેનલ, યોગ,ૈંદ્ધમાં ક્રીએટિવ લર્નિંગ સેન્ટરની સાથે અનુભવાત્મક સત્રમાં મનોરંજન માધ્યમ વિજ્ઞાન અને ગણિતીય બાબતો શીખવવામાં આવી અને અમદાવાદમાં હેરિટેજ વોક માટે એક સાંસ્કૃતિક ક્ષેત્રની યાત્રા અને સાબરમતી આશ્રમ અને અડાલજ કા પ્રવાસ જેવી વિવિધ પાઠ્યેતર પ્રવૃત્તિઓમાં પણ સામેલ કરવામાં આવી હતી.



વ્રત અને ઉપવાસનો મહિમા શરૂ થઈ ચૂક્યો છે. નાની બાળાઓના ગૌરી વ્રતથી તહેવારોની સિઝન જામી છે. વોર્ડ નં. ૮ના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી તરફથી ગૌરીવ્રત કરનાર બાળાઓને મહેંદી મુકાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સેક્ટર-૫-સી માં ખોડિયાર માતાના મંદિરે નાની બાળાઓને મહેંદી મુકવામાં આવી હતી.

## બીએસેફના ડાયરેકટર જનરલે ગુજરાતની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૧

સીમા સુક્ષા દળના ડાયરેકટર જનરલ નીતિન અગ્રવાલ અને ચંદીગઢથી વેસ્ટર્ન કમાન્ડના સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ રામા શાસ્ત્રી ૩૦ જૂન ૨૦૨૩ના રોજ બે દિવસની ગુજરાતની મુલાકાત માટે આવ્યાં હતા જે દરમિયાન તેમણે ભુજ સેક્ટરમાં સરક્રીક વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે તેમણે ગુજરાત ફ્ન્ટીયરની મુલાકાત લીધી હતી જે દરમિયાણ ગુજરાત ફ્ન્ટીયરના ઈન્સ્પેક્ટર જનરલ રવિ ગાંધીએ તેમને ઓપરેશનલ અને વહીવટી મુદ્દાઓ વિશે વિગતવાર માહિતી આપી હતીતેમજ આ વિસ્તારના પડકારો અને તેને ઘટાડવા માટે અપનાવવામાં આવતા પગલાં વિશે માહિતગાર કર્યા હતા. તેમની મુલાકાત દરમિયાન, ડીજીએ વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે બેઠકો યોજી હતી, જેમાં મુખ્યત્વે હાલના સુરક્ષા માળખા અને તેના વિકાસ, ઓપરેશનલ તૈયારીઓ અને કચ્છ સરહદે આવતા વિવિધ સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે ચાલી રહેલા પ્રયાસોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

## સે.૨૯ સુવિધા કચેરી ખાતે ભવાનજી ઠાકોરનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૦૧

ગાંધીનગરના સેક્ટર-૨૯માં સુવિધા કચેરી ખાતે તા.૩૦મી જુન, શુક્રવારે સાંજે કારકુન ભવાનજી ચંદુજી ઠાકોરનો વય નિવૃત્તિ સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે તેમના વતન ટીંટોડા ગામના રામજી મંદિરના મહંત પૂ. લખીરામ બાપુએ ઉપસ્થિત રહી તેમણે આશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉપરાંત નાયબ કાર્યપાલક ઈજનેર દીપક કંધારિયા ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભવાનજી ઠાકોરે તેમની ૪૦ વર્ષની કારકિર્દી દરમ્યાન પાટનગરમાં સેક્ટર-૮ની સુવિધા કચેરી ખાતે ૨૧ વર્ષ, સેક્ટર-૨૭માં પોલિટેક્નિક કોલેજ સુવિધા કચેરી ખાતે ૧૦ વર્ષ, સેક્ટર-૨૯ની સુવિધા કચેરી ખાતે ૪ સહીત વિવિધ જગ્યાએ તેમની સેવા આપી હતી. આ પ્રસંગે તેમના ઉપરી અધિકારીઓ સહિત સહ કર્મચારીઓ, વિવિધ સુવિધા કચેરીના કર્મચારીઓ, ટીંટોડા ગામના અગ્રણીઓ, તેમના મિત્રો, સ્નેહીજનો વગેરેએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ભવાનજી ઠાકોરને તેમનું જીવન દીર્ઘાયુ બને અને સ્વસ્થતા સાથે સારૂં જાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## શાહપુર બ્રિજ પર મકાઈવાળાઓને કારણે અકસ્માતનું જોખમ..!!



ગાંધીનગર, તા. ૧

ચોમાસાની ઠંડી ઠંડી ઋતુ શરૂ થતા જ ગરમા ગરમ લાઈવ મકાઈ ખાવાના શોખીનો હાઈવે માર્ગો તરફ દોડી જાય છે જેમાં ખાસ કરીને ગાંધીનગર કોબા હાઈવે તેમજ સરખેજ ગાંધીનગર હાઈવે સૌથી વધુ લોકપ્રિય છે. હવે તો ગાંધીનગરના ગિફ્ટ સિટી તરફ જતા શાહપુર માર્ગ પર સાબરમતી નદીના બ્રિજ પર વરસાદી મોસમને અનુલક્ષીને મકાઈ વેચવાવાળાઓની લાઈન લાગવી શરૂ થઈ ગઈ છે. મોટી લોડીંગ ટ્રકો અને ટેક્રરો જેવા ભારે વાહનોની સતત અવરજવર ધરાવતા અને બ્રિજ ઉપરની ફૂટપાથ રોકીને ઉભા રહેતા આ મકાઈ વેચવાવાળાઓ અને મકાઈ ખાવા ઊભા રહી જતા વાહનચાલકોને કારણે અકસ્માતનું જોખમ સર્જાઇ રહ્યું છે. સત્વરે વહીવટી તંત્રએ આ પ્રકારના જોખમી હંગામી દબાણોને પછીથી કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલા અટકાવવા જરૂરી જણાય છે.

## દહેગામ નગરપાલિકામાં વય નિવૃત્ત થતા કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૧

દહેગામ નગરપાલિકામાં વયમર્યાદા નિવૃત થતા કર્મચારીઓમાં ઈન્ચાર્જ ટેક્સ ઈન્સ્પેક્ટર જયંતભાઈ વિનુભાઈ શાહ (સેક્રેટરી, સ્ટાફ કો.ઓપ.ક્રેડીટ સોસાયટી લી.) તથા મહેન્દ્રભાઈ (કાભાઈ) શંકરભાઈ બારોટ વૉટર વર્કસ ઓપરેટર તથા કેતનભાઈ મનુભાઈ પટેલ, ચીફ ઓફિસરના પટાવાળા તરીકે આ તમામ કર્મચારીઓ વયમર્યાદાના કારણે તા. ૩૦-૬-૨૩ના રોજ નિવૃત થતા તેમજ અગાઉ વયમર્યાદાને કારણે નિવૃત થયેલા રોહિતભાઈ ચીમનલાલ શાહ (આર.સી.)નો પણ વિદાય સમારંભ નગરપાલિકા કચેરીના સભાખંડ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે નિવૃત થતાં કર્મચારીઓને પ્રદેશ પ્રમુખ, અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ, ગુજરાત રાજ્ય તથા ચેરમેન, નગરપાલિકા સ્ટાફ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી. દ્વારા ફૂલહાર કરીને શાલ ઓઢાડી શ્રીફળ આપીને તેમનું સન્માન કર્યુ હતુ. તથા નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તથા સભ્યો દ્વારા પણ નિવૃત તથા કર્મચારીઓને મોમેન્ટો આપીને તેમનું સન્માન કર્યુ હતુ અને શુભકામનાઓ પાઠવી હતી.